# લીલી ચાદરથી ફાલી ફૂલી

(ફિલ્મઃ શેઠ શગાળશા)

લીલી ચાદરથી ફૂલી ફાલી, ઘર ઘર આનંદ છાયો,
નગરના નરનાર એકઠા થયા, રંગે રાસ રચાયો.
લોલમ લોલ છેડો ઢોલ, લોલમ લોમ છેડો ઢોલ (૨)
આવ્યો આવ્યો મેહુલિયો ઝાકમ ઝોળ, ઝાકમ ઝોળ,
લોલમ લોલ છેડો ઢોલ, લોલમ લોમ છેડો ઢોલ (૨)
છેડી શરણાઈ, નાચો સૌ ગાઈ ગાઈ,
રમો રાસે દઈ દાંડીયા થઇ ડોલમ ડોલ.....લોલમ લોમ.
કોઈ કાન બને છેડી બાંસુરિયા,
કોઈ રાધા બને પેરી ઝાંઝરીયાં.
સજી શણગાર સૌ નરનાર
આનંદે રમે કરી કુંડાળું ગોળ.... લોલમ લોલ.
લોલમ લોલ છેડો ઢોલ, લોલમ લોલ છેડો ઢોલ (૨)
આવ્યો આવ્યો મેહુલિયો ઝાકમ ઝોળ, ઝાકમ ઝોળ,
લોલમ લોલ છેડો ઢોલ, લોલમ લોમ છેડો ઢોલ....